# પોળોમાં પ્રવાસે આવેલા અમદાવાદના બે વિદ્યાર્થી ડૂબ્યા : એકનું મોત

હિંમતનગર, તા. ૩૦

વિજયનગર તાલુકાના પોળો જંગલમાં દિનપ્રતિદિન પ્રવાસીઓની સંખ્યા વધી રહી છે. તેની સાથે જ હરણાવ નદીમાં પ્રવાસીઓના ડુબવાના બનાવો વધી રહ્યા છે. થોડા સમય અગાઉ હિંમતનગરના ત્રણ મિત્રોના ડૂબી જવાથી મોતના બનાવની શાહી સુકાઈ નથી. દરમિયાન રવિવારે અમદાવાદથી પોળોમાં પ્રવાસે આવેલા ખાનગી ટ્યુશન કલાસના વિદ્યાર્થિઓમાંથી બે વિદ્યાર્થીઓ પોળો જૈન દેરાસર માર્ગ નજીક હરણાવ નદીમાં ડૂબી ગયા હતા. જેમાં એક વિદ્યાર્થીનું મોત નિપજ્યું હતું. જ્યારે અન્ય એક ઘાયલ વિદ્યાર્થીને વધુ સારવાર માટે હિંમતનગર ખસેડવામાં આવ્યો હતો. બનાવની જાણ વિજયનગર પોલીસને થતાં સબ ઈન્સ્પેક્ટર રેફરલ હોસ્પિટલમાં દોડી આવ્યા હતા.

આ અંગે આધારભૂત સૂત્રો તથા અમદાવાદના થલતેજમાં નૃતન ટ્યુશન કલાસ ચલાવતા અમિતકુમાર શાહ, શિક્ષક ઘનશ્યામ રાજપુત તથા રેફરલ હોસ્પિટલ વિજયનગરના ડૉ. એકવીન્સન બલાતના જણાવ્યા અનુસાર નુતન ટ્યુશન કલાસના ૬૦ થી વધુ વિદ્યાર્થીઓ ખાનગી બસ અને ટવેરા કારમાં રવિવારે વિજયનગરના પોળોમાં પ્રવાસે આવ્યા હતા. જેઓ સતીમાતા કેમ્પ સાઈટ નજીકથી લાખેણા જૈન દેરાસર જોવા માટે બસમાંથી ઉતરી હરણાવ નદી પરનો પુલ પસાર કરીને જી રહ્યા હતા. દરમિયાન બે પથિક પટેલ અને કલ્પેશ ગરાસિયા (ઉ.વ. આ. ૧૮ રહે. અમદાવાદ) હરણાવ નદીમાં ફોટો પાડવા ગયા હતા જ્યાં બંને અચાનક પથ્થર પરથી લપસી જતા નદીમાં ડૂબવા માંડ્યા હતા. આ જોઈને અન્ય વિદ્યાર્થીઓએ બૂમાબૂમ કરી હતી. જેથી કલાસીસના સંચાલક અમિતકુમાર શાહ તરત જ નદીમાં કુદી પડ્યા હતા. જ્યાં બંને પાણીમાં ડુબી ગયા હતા.

ત્યારબાદ અમિત શાહે તરત જ ૧૦૮ને બોલાવી હતી. જ્યાં ઘાયલ કલ્પેશ ગરાસિયા અને પથિક પટેલને પાણીમાંથી બહાર કાઢી સારવાર માટે વિજયનગરની રેફરલ હોસ્પિટલમાં લવાયા હતા. જ્યાં ફરજ પરના ડૉક્ટરોએ તપાસી કલ્પેશ ગરાસિયાને મૃત જાહેર કર્યો હતો જ્યારે પથિકને વધુ સારવાર માટે હિંમતનગર ખસેડવામાં આવ્યો હતો. આ અંગે વિજયનગર પોલીસને જાણ થતા પી.એસ.આઈ. એ.બી. રાઠોડ, રાઈટર રમેશભાઈ સોલંકી, કોન્સ્ટેબલ ગજેન્દ્રભાઈ પટેલે રેફરલ હોસ્પિટલ આવી ઘટતી કાર્યવાહી હાથ ધરી છે.



## ભિલોડામાં દોઢ વર્ષની પુત્રીને મુકી માતા પ્રેમી સાથે ફરાર

ગુજરાતીમાં એક કહેવત છે કે, 'છોરૂ ક છોરૂ થાય પણ માવતર ક માવતર ના થાય' પરંતુ આ કહેવતને ખોટી ઠેરવતી ઘટના અરવલ્લીના ભિલોડા તાલુકામાં બની છે. જ્યાં એક માતા પોતાની દોઢ વર્ષની પુત્રીને મુકીને પોતાના પ્રેમી સાથે ફરાર થઈ ગઈ હતી. અરવલ્લીના ભિલોડા તાલુકાના ભવનાથમાં રહેતી આ બાળકીની માસુમ આંખો આજે પોતાની જન્મ આપનાર માતાને શોધી રહી છે પરંતુ તેની ૧૮ વર્ષીય જનની પોતાના પ્રેમી સાથે પ્રેમનગર વસાવવા ક્યાંક ચાલી ગઈ છે. વાત જાણે એમ છે કે, ૧૦ દિવસ પહેલા પ્રેમી સાથે યુવતી ફરાર થઈ ગઈ છે. જો કે હવે આ સમગ્ર મામલે ભિલોડા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાઈ છે. જેમાં યુવતીના સાસરિયા તેમની વહુનું અપહરણ થયું છે એવું જણાવી રહ્યા છે, તો સામે પોલીસ પણ મહિલાની શોધખોળ હાથ ધરી હોવાનું અને ટુંક સમયમાં તેને પાછી લાવવા જણાવી રહી છે. (તસવીર : જીતેન્દ્ર પટેલ, સમીર બલોચ)




(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ ખાતે પ્રાંતિજ તલોદ તાલુકાના કોંગ્રેસના કાર્યકરો અને હોદ્દેદારોનો સ્નેહમિલન સમારોહ યોજાયો હતો. જેમાં તાલુકાના કોંગ્રેસના હોદ્દેદારો આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા અને પરસ્પર શુભેચ્છાઓ આપી હતી.

## પ્રાંતિજ તાલુકામાં આઠ ભેંસોના મોત

પ્રાંતિજ, તા.૩૦

પ્રાંતિજ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં અચાનક જ પશુઓમાં રોગચાળો ફેલાતા આઠ દુધણી ભેંસોના મોત થતા પશુપાલકો ભયભીત થઈ ચિંતા વ્યકત કરી રહ્યા છે. પશુઓના મોતથી ભારે સન્નાટો ફેલાયો છે.

પ્રાંતિજ તાલુકાના ગ્રામ્ય વિસ્તાર એવા મોયદ, માઢા, લાખેણા ગામમાં શનિવારના રોજ અચાનક જ આઠ ધુધણી ભેંસોના અગમ્ય કારણોસર મોત થતા પશુપાલકો ચિંતાતુર થઈ ગયા હતા. અને તુરંત પશુ ચિકિત્સકને બોલાવી તપાસ કરી હતી જયારે પશુપાલકોએ જણાવ્યું હતું કે ભેંસના મોઢામાંથી એકાએક લાળ પડતી હતી અને ચકકર ખાઈ ભેંસો જમીન પર પછડાઈ હતી અને તેની આંખો પણ અંદર જતી રહી હતી અને કલાકોમાં જ ભેંસો ના મોત થયા હતા. અચાનક જ પશુઓમાં રોગચાળો ફેલાતા અને ભેંસોના મોત થતા પશુપાલકોને મોટું આર્થિક નુકશાન થવા પામ્યું છે. આ સંદર્ભે તંત્ર દ્વારા યોગ્ય તપાસ કરવામાં આવે તેવી પશુપાલકો માંગ કરી રહ્યા છે.

# શામળાજી પાસેથી રૂ. ૧૩.૫૩ લાખનો વિદેશી દારૂ પકડાયો

મોડાસા, તા.૩૦

શામળાજી પોલીસે રવિવારે આર.ટી.ઓ. અને રતનપુર ચેક પોસ્ટ ઉપરથી રાજસ્થાન બાજુથી ગુજરાતમાં ઘુસાડવામાં આવતા રૂ. ૧૩.૫૩ લાખના વિદેશી દારૂ ભરેલા ટ્રક અને પીકઅપ ડાલાને પકડી પાડયું હતું. ત્યારબાદ દારૂ તેમજ બે વહનો સાથે રૂ. ૨૮,૫૪,૮૦૦નો મુદ્દામાલ કબજે લઈ દારુ ભરી આવતા હરિયાણા અને રાજસ્થાનના બે શખ્સોની અટકાયત કરી બે ગુના નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે શામળાજી પોલીસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગતો મુજબ પીએસઆઈ એ.કે. વાળા રવિવારે સવારે તેમના સ્ટાફના શંકરભાઈ હરિશંચદ્ર સિંહ તેમજ પ્રમોદભાઈ પંડયા સાથે શામળાજી આર.ટી.ઓ. પાસે વાહન ચેકિંગ કરી રહ્યા હતા દરમિયાન બાતમી મળી હતી કે રાજસ્થાન બાજુથી એક ટ્રકમાં દારુ ભરી ગુજરાતમાં ઘુસાડવામાં આવી રહ્યો છે જે આધારે તેઓએ વાહનોનું ચેકિંગ હાથ ધર્યું હતું. દરમિયાન રાજસ્થાન બાજુથી આવતા ટ્રક નંબર જીજે ૨૩ કસ ૬૨૪૦ શંકાસ્પદ જણાતા તપાસ અર્થે ઉભો રખાવ્યો હતો અને ટ્રકમાં તપાસ કરતાં તેમાંથી વિદેશી દારુની રૂ. ૧૧,૦૮,૮૦૦ની ૨૬૭ પેટી મળી આવી હતી. જેથી પોલીસે દારુ તેમજ ટ્રક સહીત કુલ રૂ. ૨૧,૦૯,૮૦૦નો મુદ્દામાલ કબજે લઈ દારુ ભરી આવતા હરિયાણાના મુરારી સુબેસિંગ જાટની અટકાયત કરી હતી.

ઉપરાંત પીક અપ ડાલા નંબર જીજે-૫ બી.ટી. ૮૧૮૮ શંકાસ્પદ જણાતા તપાસ અર્થે ઉભું રખાવ્યું હતું અને તેમાં તપાસ હાથ ધરતા સ્લેટ પેનોના બોક્ષ નીચે સંતાડેલ કિં રૂ. ૧૨,૪૪,૮૦૦ વિદેશી દારુની ૫૧ પેટી મળી આવી હતી ત્યારબાદ ડાલુ તેમજ દારુ સહીત રૂ. ૧૭,૪૪,૮૦૦નો મુદ્દામાલ કબજે લઈ દારુ ભરી આવતા રાજસ્થાનના જગદીશજી ગોકુલજી ગજ્જરની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



(તસવીર : સમીર બલોચ, જીતેન્દ્ર પટેલ જય અમીન, મોડાસા)

# પાલનપુરના જૂના ગંજ બજાર પાસેના ખાદી ભંડારમાં તસ્કરો ત્રાટકયા

પાલનપુર, તા. ૩૦

પાલનપુર શહેરમાં શિયાળો શરૂ થતાં જ તસ્કરોએ પણ લાભ લેવાનો શરૂ કરી દીધો છે અને આજે શહેરના જુના ગંજ બજારની એક દુકાનમાં ચોરી કરી પલાયન થઈ ગયા હતા.

પાલનપુર શહેરના જુના ગંજ બજાર વિસ્તારમાં નવજીવન ખાદી ભંડારને ગતરોજ રાત્રિના સમયે તસ્કરોએ નિશાન બનાવ્યુ હતુ. તસ્કરોએ દુકાનના તાળા તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને રૂ. ૮૩૬૦ની રકમની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. આ ચોરી થતા સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી જવા પામી હતી. ચોરી અંગે ખાદી ભંડારના કર્મચારી મહેન્દ્ર જાદવને જાણ થતા તુરંત પૂર્વ શહેર પોલીસમથકે ફરિયાદ નોંધાવી હતી. જેથી પોલીસ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## અંબાજી : મુંબઈના ભકતે અગિયાર લાખનું દાન કર્યું

ગાંધીનગર, તા.૩૦

શકિતપીઠ અંબાજી મંદિરે આજે મુંબઈના એક ભકતે રૂ. ૧૧ લાખનું દાન કરી માં અંબાના આશીર્વાદ મેળવ્યા હતા. અરવલ્લીની ગિરીમાળાઓમાં ગબ્બરના ડુંગરે બેઠેલ અંબાજી માતાની શકિત અપાર છે. દિવસે દિવસે ભકતોનું ઘોડાપુર ઉભરાય છે. દરેક ભકત આદ્યશકિત માટે ફુલ નહિ તો ફુલની પાંખડી સમાન ભેટ લઈને આવે છે ત્યારે આજે અંબાજી માતા ટ્રસ્ટને મુંબઈના ભકતે રૂ. અગિયાર લાખનો ચેક અર્પણ કર્યો હતો. પોતાની મનોકામના પૂર્ણ થતા અગિયાર લાખનું દાન કરવામાં આવ્યું હોય તેવું જણાઈ આવે છે.

# ઊંઝા રેલ-વે સ્ટેશને લાંબા અંતરની ટ્રેનોને સ્ટોપેજ આપવા માંગ

ઊંઝા, તા. ૩૦

વેપારી મથક ઊંઝા રેલવે સ્ટેશન તંત્ર દ્વારા છેલ્લા ઘણા વખતથી બ્રોડગેજ લાઈન હોવા છતાં અહીંથી પસાર થતી લાંબા અંતરની ટ્રેનોના સ્ટોપેજ આપવામાં ન આવતા તેમજ ટ્રેનોની સુવિધા વધારવા માટે ઘોર અન્યાય કરાતા આ વિસ્તારની મુસાફર જનતામાં ઘેરા અસંતોષની લાગણી ફેલાઈ છે.

અમદાવાદ-દિલ્હી વાયા મહેસાણા આબુ રોડ અજમેર જયપુર રેલવે લાઈનનું વર્ષોથી બ્રોડગેજ રૂપાંતર થયેલ છે. જેથી આ રેલ લાઈન પર લાંબા અંતરથી ટ્રેનોની સંખ્યા વધતી જાય છે. મહેસાણા રેલ-વે સ્ટેશનેથી પસાર થતી લાંબા અંતરની તેમજ દેશના મહત્વના શહેરોને જોડતી ટ્રેનો પૈકી મોટાભાગની ટ્રેનોની વેપારી મથક ઊંઝા રેલવે સ્ટેશન સ્ટોપેજ અપાયેલ નથી જેથી આ ટ્રેનો મુસાફરી કરવા માટે મુસાફરોને મહેસાણા અથવા પાલનપુર રેલ-વે સ્ટેશને જવુ પડે છે. આ ટ્રેનોના સ્ટોપેજ આપવા માટે ઘણા વખતથી પેસેન્જર યુનિયન તેમજ સ્થાનિક સંસ્થાઓ મુસાફર જનતાની વર્ષોથી માંગણી ઉઠી છે. તેમ છતાં ઊંઝા વિસ્તારની જનતાની માંગણી પ્રત્યે યોગ્ય નિર્ણય ન લેવાતા આ માગણી યથાવત રહી છે.

## મોડાસા આર.ટી.ઓ. કચેરીએ દંડની રકમ સ્વીકારવાનું શરૂ

મોડાસા, તા.૩૦

અરવલ્લી જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરતા વાહન ચાલકો સામે ટ્રાફિકના નિયમો ભંગ કરવાના કાનૂન હેઠળ દંડ ફટકારતા દંડ ભરવા હિંમતનગર આર.ટી.ઓ. કચેરી જવું પડતું હોવાના કારણે મારૂતિ વિકાસ મંડળના સભ્યો સામાજીક આગેવાનો એ અરવલ્લી જિલ્લા કલેકટર બી.જે. ભટ્ટને આવેદનપત્ર આપ્યું હતું.

અરવલ્લી જિલ્લા કલેકટરે આ મામલે અંગત રસ લઈ તાત્કાલિક સમસ્યાનું નિવારણ લાવતા અરવલ્લી જિલ્લાના પ્રજાજનોએ કલેકટરના આ ઉત્કૃષ્ટ કાર્ય અને પ્રજાજનોના પ્રશ્નોને વાચા આપી દંડ ફટકારવાની કાર્યવાહી મોડાસા આર.ટી.ઓ. કચેરીએ ચાલુ કરાવતા અરવલ્લી જિલ્લાના લોકોએ કલેકટરનો આભાર વ્યકત કર્યો હતો.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

શ્રી મોઢેશ્વરી બચત અને ધિરાણ સહકારી મંડળી લી. પાલનપુર દ્વારા શરુ કરેલ મંડળીના સભાસદો માટે મૃત્યુ સહાય સ્કીમમાં સ્વ. કાન્તિલાલ ધરમચંદ મોદી (ગઢ વાળા) તથા સ્વ. બાબુલાલ ચેલદાસ મોદી (ટાકરવાડા) ના વારસદારને રૂ. ૫૫,૦૦૦નો ચેક મંડળીના ચેરમેન, વા. ચેરમેન, મેનેજીંગ ડીરેકટર, બોર્ડ ઓફ ડીરેકટર્સ તથા શ્રી ધાન્ધાર મોઢ મોદી સમાજના પ્રમુખની હાજરીમાં સ્વર્ગસ્થશ્રીના ઘરે જઈને ચેક અર્પણ કરેલ છે.

# ભિલોડામાં એક જ રાતમાં ચાર દુકાનના તાળા તૂટ્યા

ભિલોડા, તા. ૩૦

ભિલોડાના મુખ્ય બજાર વિસ્તારમાં એક સાથે ચાર દુકાનોમાં અજાણ્યા તસ્કરો ત્રાટક્યા હતા અને રૂ. ૮૫ હજારથી વધુના મુદ્દામાલની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. ચોરીની ઘટનાને પગલે વેપારીઓમાં ચિંતા સાથે ભયનો માહોલ ઉભો થવા પામ્યો છે. આ સંદર્ભે પોલીસ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ભિલોડા વિસ્તારના મુખ્ય બજારમાં છેલ્લા દોઢ માસ ૧૫ થી વધુ ચોરીઓના બનાવો બન્યા છે. જેમાં પોલીસની નિષ્ક્રિયતાના લીધે હજુ અડધો અડધ ચોરીના ભેદ ઉકેલાયા નથી. ત્યાં તો તસ્કરોએ એક જ રાતમાં બજારની ચાર દુકાનોના તાળા તોડી હજારોનો મુદ્દામાલની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. તસ્કરોએ કવિતા રેડી મેડ સ્ટોર્સમાં ૮૦ હજાર અને વિષ્ણુ વાસણ ભંડાર, જે.બી. રાજ ઈલેકટ્રીક સ્ટોર્સ, રાવલ દુકાનમાંથી રૂ. ૫ હજાર મળી કુલ રૂ. ૮૫,૦૦૦ ની ચોરી થવા પામી હતી. આ મામલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



## ભિલોડામાં કોંગ્રેસ સમિતીના કાર્યકરો ધ્વારા સ્નેહમિલન સમારંભ યોજાયો

ભિલોડા,તા.૩૦

અરવલ્લી જીલ્લાના ભિલોડામાં કોંગ્રેસ સમિતીના કાર્યકરો ધ્વારા સ્નેહમિલન સમારંભ યોજાયો. આ પ્રસંગે મધુસુદન મિસ્ત્રી એ.આઈ.સી.સી. સભ્ય, ડૉ.અનિલભાઈ જોષીયારા ભિલોડા ધારાસભ્ય, રાજેન્દ્રસિંહ ઠાકોર મોડાસા ધારાસભ્ય, ઘનશ્યામસિંહ ગઢવી જીલ્લા પ્રાભારી, ડાહ્યાભાઈ પટેલ પ્રમુખ સાબરકાંઠા જીલ્લા કોંગ્રેસ, કુમાર વનરાજસિંહજી રાઠોડ પ્રમુખ સાબરકાંઠા જીલ્લા યુવક કોંગ્રેસ, કુમાર ઈન્દ્રવિજયસિંહજી રાઠોડ, મુકેશભાઈ પટેલ,જીલ્લા અગ્રણી યુવા કાર્યકર ઋષીકેશભાઈ ભાવસાર, પુરણભાઈ મોરવાણી, ચૈતન્યસિંહ ચૌહાણ કાર્યકર્તાઓ સાથે કોગ્રેંસમાં ઉત્સાહભેર જોડાયા હતા.

ભિલોડા તાલુકામાં કોંગ્રેસ કાર્યકર્તાઓમાં આનંદની લાગણી પ્રસરી હતી. આ પ્રસંગે મધુસુદન મિસ્ત્રીએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે નવા વર્ષ નિમિત્તે કોંગ્રેસ કાર્યકર્તાઓને નવા વર્ષની શુભકામનાઓ પાઠવી હતી. ભારત દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ઉપર આકારા પ્રહારો કરી જણાવ્યું હતું કે જનધન યોજના હેઠળ મોટાપાયે કરોડોની સંખ્યામાં બેંકોમાં એકાઉન્ટો જનધન યોજના હેઠળ ખોલાયા છે પરંતુ આજ દિન સુધી કોઈને ફુટી પાઈ મળી નથી. લોકસભાની ચુંટણી દરમ્યાન આપેલા મોટા-મોટા વચનો પુરા કરવામાં નરેન્દ્રભાઈ મોદી નિષ્ફળ નિવડ્યા હોય તેમ લાગે છે.

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
**મોર્ડન મોટર્સ**
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
AGL Radhe
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧